GJMR060010512025

| | |
|---|---|
| Received on | 08-08-2025 |
| Registered on | 08-08-2025 |
| Decided on | 18-03-2026 |
| Duration on | Yr. Mo. Ds. s. |

## ::ફોર્મ–એ::

હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,

મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711

ચુકાદાની તારીખ – ૧૮/૦૩/૨૦૨૬

ક્રિમિનલ કેસ નંબર : ૭૪૧/૨૦૨૫

હળવદ પો.સ્ટે. એ–પાર્ટ ગુ.ર.નં. ૧૧૬/૨૦૨૫

| | |
|---|---|
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| રજુઆત: | વિ.એ.પી.પી.શ્રી એ.પી.માલવાણીયા |
| આરોપીઓ પક્ષ: | (૧) સુરપાલસિંહ તેજુભા પરમાર,<br>રહે. નવા દેવળીયાગામ, તા.હળવદ, જી.મોરબી.<br>(૨) જયદેવસિંહ ઉર્ફે કાનભા જયેન્દ્રસિંહ જાડેજા,<br>રહે. વઘાસીયાગામ, તા.વાંકાનેર, જી.મોરબી. |
| રજુઆત | આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી વી.પી.ઝાલા |

| | |
|---|---|
| **ગુન્હો** | બી.એન.એસ. ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ |

| | |
|---|---|
| | મુજબ. |

## ::ફોર્મ–બી::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૧૨/૦૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા. ૧૨/૦૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા. ૦૮/૦૮/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | તા. ૧૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા. ૧૭/૦૩/૨૦૨૬ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | તા. ૧૮/૦૩/૨૦૨૬ |
| ઠરાવની તારીખ | તા. ૧૮/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | નીલ |

| આરોપી | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાર /નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સુરપાલસિંહ તેજુભા પરમાર | ૧૧/૨/૨૫ | ૧૧/૨/૨૫ | બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ | છોડી મુકયા | નીલ | નીલ |
| (૨) | જયદેવસિંહ ઉર્ફે કાનભા જયેન્દ્રસિંહ જાડેજા | ૧૧/૨/૨૫ | ૧૧/૨/૨૫ | | છોડી મુકયા | નીલ | નીલ |

## ::ફોર્મ–સી::

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ.** |
|---|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદી | ઈશ્વરભાઈ રામજીભાઈ અઘારા |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન.** |
|---|---|---|
| ૧. | ૧૧ | અસલ ફરીયાદ |
| ૨. | ૧૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |

હળવદ.

તા.૧૮/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

:: ઠરાવ ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના ફરીયાદી નવા દેવળીયા ગ્રામ પંચાયત સરપંચ તરીકે સેવા આપતા હોય અને ફરીયાદી નવાદેવળીયા ગ્રામ પંચાયત ખાતે હાજર હતા ત્યારે ઉપરોકત જણાવેલ સ્થળે અને સમયે આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓએ નવાદેવળીયા ગામમાં ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી સાથે કાગળો જલ્દી કરી દેવા બાબતે બોલતા હોય જેથી આ કામના ફરીયાદી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ને શાંતી રાખો થોડીવારમાં તમારા કાગળો તલાટી કાઢી આપશે તેમ કહેતા આ કામના આરોપી નં.૧ તથા આરોપી નં.૨ને સારુ નહી લાગતા ફરીયાદી સાથે ઉચા અવાજે બોલાચાલી કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપતા ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ તથા ૨ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ છે, તે મતલબની ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા હળવદ પો.સ્ટેમાં એ-પાર્ટ ગુ.ર.નં.૦૧૧૬/૨૦૨૫થી નોંધાવતા તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં બી.એન.એસ. એકટની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે જેને ફોજદારી કેસ નંબર-૭૪૧/૨૫થી નોધવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ જે અનુસં

ધાને આરોપી કોર્ટમા ઉપસ્થિત થયેલ ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૯૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૩ પ્રમાણે આરોપી ઉપર આંક–૩થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્ધારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી, આરોપીઓની સદરહું તહોમતનામા અંગે આંક–૪ અને ૫થી નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાહેદને તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને સરકાર તરફે પણ વિ.એ.પી.પી.શ્રી દ્ધારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,‘‘સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન’’ તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ‘‘નિખિલ મરચન્ટ વિ. સી.બી.આઈ.’’ તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ‘‘મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ’’ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમાં ફરીયાદ

પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય અને ફરીયાદી જયારે વધુ પુરાવો આપવામાંગતા નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમા કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફયુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ઘ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરેલ છે. જેથી ઉપરોકત રજૂ થયેલ ફરીયાદપક્ષના પુરાવાને ઘ્યાને રાખી બી.એન.એસ.એસ. એકટની કલમ–૩૫૧ અન્વયે આરોપીનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે. જે તેમના પ્રાથમીક જવાબ સાથે કામમાં સામેલ છે.

(૫) આરોપીનું વિશેષ નીવેદનો નોંધતા, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો તેમની હાજરીમાં અને સાંભળતા લેવાયો હોવાનું કબૂલ રાખેલ છે. ફરીયાદ પક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવાને નકારેલ છે. તેમને સોગંદપર મૌખિક પુરાવો આપવો નથી અને બચાવના સાક્ષી તપાસવા નથી તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

(૬) ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત તમામ સંજોગોમાં કેસનાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ ની:શંકરીતે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી નવા દેવળીયા ગ્રામ પંચાયત સરપંચ તરીકે સેવા આપતા હોય અને ફરીયાદી નવાદેવળીયા ગ્રામ પંચાયત ખાતે હાજર હતા ત્યારે ઉપરોકત જણાવેલ સ્થળે અને સમયે આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓએ નવાદેવળીયા ગામમાં ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી સાથે કાગળો જલ્દી કરી દેવા બાબતે બોલતા હોય જેથી આ કામના ફરીયાદી આરોપી નં.૧ તથા આરોપી નં.રને શાંતી રાખો થોડીવારમાં તમારા કાગળો તલાટી કાઢી આપશે તેમ કહેતા આ કામના આરોપી નં.૧ તથા આરોપી નં.રને સારુ નહી લાગતા ફરીયાદી સાથે ઉચા અવાજે બોલાચાલી કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપતા ફરીયાદીએ ગાળો દેવાની ના પાડતા આરોપી નં.૧ તથા ૨ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી બી.એન.એસ. એકટની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

<u>મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–</u>

(૯.૧) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપી વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દૃષ્ટિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯.૨) ફરીયાદપક્ષે આંક–૧૦થી ફરીયાદી ઈશ્વરભાઈ રામજીભાઈ અઘારાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ એક વર્ષ અગાઉ અમારા નવા દેવળીયા ગામે ગ્રામપંચાયત કચેરી ખાતે બપોરના બાર વાગ્યાના અરસામા બનેલ તે દિવસે હું ગ્રામપંચાયતના સરપંચ તરીકેના હોદા ઉપર હોય જેથી હું ગ્રામપંચાયત કચેરીએ હાજર હતો ત્યારે અમારા ગામના સુરપાલસિંહ તથા તેના મિત્રો અમારી ગ્રામપંચાયતના તલાટીશ્રી વિજયસિંહ ઝાલાનુ કામકાજ હોય જેથી પંચાયત કચેરીએ આવેલા ત્યારે તેઓની સાથે કાગળ કઢાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓએ ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. બનાવ અંગે મે હળવદ પોલીસ સ્ટેશનમા આરોપીઓ સામે પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખુ છુ જે અસલ

ફરીયાદ રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવેલ છે. આરોપીઓને જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર છે.

તેઓ ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી દવારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ વિનંતી કરતા સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવતા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છે કે હું અને સુરપાલસિંહ એક જ ગામના છીએ. એ વાત ખરી છે કે પંચાયત ઓફિસે બનાવ બન્યો તે સમયે હું મારા ઘરે હાજર હતો. એ વાત ખરી છે કે હું પંચાયત ઓફિસે ગયો ત્યારે ઘણા બધા માણસો બોલાચાલી કરતા હતા અને ધકકામુકકી કરતા હતા. એ વાત ખરી છે કે હું ત્યાં સમજાવવા ગયેલો ત્યારે મને ધકકો વાગી જતા હું પડી ગયેલ. એ વાત ખરી છે કે આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી. એ વાત ખરી છે કે મને કોઈએ કંઈ કીધુ નથી. એ વાત ખરી છે કે ગામના માણસો પોલીસ સ્ટેશને ગયેલા હતા અને તેમા મારી સહી કરાવેલી પરંતુ શેમા સહી કરેલી તેની મને ખબર નથી.

(૧૦) બચાવપક્ષ દ્વારા બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું બચાવપક્ષ દ્વારા પુરાવામાં વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવો શેરો કરી આંક–૧૨થી રજુ રાખેલ છે.

(૧૧) આ કામે આરોપી વિરુઘ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ઘ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુનાના સાર તત્વો /

તાત્વીક હકીકતોનો પુરાવાનો રેકર્ડ પર અભાવ છે. ફરીયાદીનો મૌખિક પુરાવો વંચાણે લેતાં આ કામે આંક–૧૨થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા કે જે સમર્થનકારી પુરાવો છે, તેવું પુરવાકીય મહત્વ ઘટી જાય છે. આ કામે ફરીયાદી ધ્વારા તેમના મૌખિક પુરાવામાં લેશમાત્ર સમર્થન કારી પુરાવો રજુ કરેલ નથી અને એ વાત ખરી છે કે, હું અને સુરપાલસિંહ એક જ ગામના છીએ, પંચાયત ઓફિસે બનાવ બન્યો તે સમયે હું મારા ઘરે હાજર હતો, હું પંચાયત ઓફિસે ગયો ત્યારે ઘણા બધા માણસો બોલાચાલી કરતા હતા અને ધકકામુકકી કરતા હતા, હું ત્યાં સમજાવવા ગયેલો ત્યારે મને ધકકો વાગી જતા હું પડી ગયેલ, આ સીવાય બીજુ કાંઈ બનેલ નહી, મને કોઈએ કંઈ કીધુ નથી, ગામના માણસો પોલીસ સ્ટેશને ગયેલા હતા અને તેમા મારી સહી કરાવેલી પરંતુ શેમા સહી કરેલી તેની મને ખબર નથી તેવી હકીકત ઉલટતપાસ દરમિયાન ખરી હોવાનું કબુલ રાખેલ છે. જે સંજોગોમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજ પુરાવા ફરીયાદપક્ષને લેશમાત્ર સમર્થન કારી રહેતા નથી. આ કામે ફરીયાદી ધ્વારા તેમના મૌખિક પુરાવા પુરા થયા બાદ વધુ સાહેદો તપાસવા માંગતા નથી તેવી પુર્સીસ આંક–૧૩થી રજુ કરેલી છે. જે સંજોગોમાં રેકર્ડ પર આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતનો અભાવ જણાય આવે છે. પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં રાખવી મેળવતા ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પરે સાબિત કરી શકેલ નથી.

(૧૨) ઉપરોકત તમામ ચર્ચા અને રેકર્ડ ઉપરનો મૌખિક તથા લેખિક પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ

અદાલતએ સિધ્ધાંત સુવધિત છે કે માત્ર એક સાહેદનો પુરાવો સુદૃઠ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રાખી શકાય. પરંતૂ જયારે પુરાવામાં શંકા ઉદભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકત નજર સમક્ષ રાખતા આ કામે પુરાવાનો અભાવ છે. જેથી શંકા ઉદભવે છે. જેથી એવું ઠરાવવામાં આવે છે કે ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ આક્ષેપિત બી.એન.એસ. ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદૃા નં.૧ને નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદૃા નં.ર અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(અ) આ કામના આરોપી (૧) સુરપાલસિંહ તેજુભા પરમાર રહે. નવા દેવળીયાગામ, તા.હળવદ, જી.મોરબી, (૨) જયદેવસિંહ ઉર્ફે કાનભા જયેન્દ્રસિંહ જાડેજા રહે. વઘાસીયા ગામ, તા.વાંકાનેર, જી.મોરબીનાઓને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) મુજબ ઈ.પી.કો. કલમ: બી.એન.એસ. ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) આરોપીઓના ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવા માટે રજુ કરેલ ખત તથા જામીન આથી રદ કરવાનો હુકમ

કરવામાં આવે છે.

(ક) આ કામના આરોપીઓ ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારુ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ રજુ કરેલ જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(ડ) ક્રિમીનલ મેન્યુઅલ પારા-૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ/રીવીઝનનો નિર્ણય/નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(ઈ) ફોર્મ-બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલ ના નિયમ-૧૭૯(એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ તા.૧૮મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં હળવદ મુકામે વાંચી-સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૧૮/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*